# ઉત્તર ગુજરાતમાં સતત ચોથા દિવસે કોરોના સંક્રમિત કેસ ૧૦ હજારને પાર, ગામડાંમાં સ્થિતિ બેકાબુ

## ગામડામાંથી આવતા શાકભાજી, દૂધને લઈને શહેરી વિસ્તારોમાં ચિંતા વધી, સુપર સ્પ્રેડરો કોણ..??

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

કોરોનાના વિકરાળ સ્વરૂપથી સૌ સ્તબ્ધ છે ત્યારે ઉત્તર ગુજરાતમાં સતત ચોથા દિવસે પણ કોરોના સંક્રમિત કેસ ૧૦ હજારને પાર રહ્યા છે. ગામડાઓમાં સ્થિતિ વધુ વણસી રહી છે. દરરોજ ગામડામાંથી શહેરમાં આવતા શાકભાજી, દૂધને લઈને શહેરી વિસ્તારની પ્રજાની ચિંતા વધી છે ત્યારે સવાલ એ થાય છે કે ગામડાઓમાં ચેપ પ્રસરાવનાર કોણ..?? તંત્ર અહીં થી તહીં દોડે રાખે છે પરંતુ સુપર સ્પ્રેડરો કોણ..?? તે શોધી શકાતું નથી. ઉત્તર ગુજરાતમાં તમામ શાકભાજી, ફળફળાદી અને દૂધના વેપારીઓના કોરોના ટેસ્ટ કરાવવા જોઈએ અને તેમાંથી જે પણ કોરોના પોઝિટિવ હોય તેમને હોમ આઈસોલેશન કરવામાં નહીં આવે તો વધુ વિસ્ફોટક સ્થિતિ નિર્માણ પામી શકે છે.

કોરોના વાયરસ વધુ મ્યુટેન્ટ થતાં સરકાર અને આરોગ્ય વિભાગની મુશ્કેલીઓ સતત વધી રહી છે. જે રીતે પાછલા એક સપ્તાહમાં સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણામાં કોરોનાના નવા મ્યુટેન્ટથી કેસમાં વધારો અને મૃત્યુ દર ઉંચકાયો છે તે ચિંતાજનક છે. અત્યારની પરિસ્થિતિએ ઉત્તર ગુજરાતની તમામ સરકારી કોવિડ અને ખાનગી હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે.

રેમડેસિવિર ઈન્જેકશન, ઓક્સિજનની અછતના કારણે અનેક દર્દીઓ જીવ ગુમાવી રહ્યા છે. વિપક્ષે પણ આ મુદ્દાને ઉઠાવી રાજ્ય સરકારને ઘેરવાના પ્રયાસ શરૂ કર્યા છે. જે રીતે બીજા વેવમાં વિકરાળતા દેખાઈ તેનાથી કોવિડ દર્દીની સારવાર કરતા ડૉક્ટરો અને સહાયક સ્ટાફ પણ ચિંતિત બન્યા છે. ઉત્તર ગુજરાતમાં મોટાભાગની પ્રજા ખડતલ અને વધુ પડતો શ્રમ કરનારી પ્રજા છે તેમ છતાં કેસમાં આવેલા ઉછાળાએ અગાઉના તમામ તર્ક ધરાશાયી કરી નાખ્યા છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં કોરોનાનું સંક્રમણ ધીમું પડતું હોય તેવું આંકડા દર્શાવી રહ્યા છે.

જ્યારે અન્ય જિલ્લામાં સંક્રમિત કેસોમાં ઉછાળો ચોંકાવનારો છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન કુલ-૧૩ લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યો છે અને મહેસાણા-૫૧૦૮, પાટણ-૧૭૯૨, સાબરકાંઠા-૧૬૦૯, અરવલ્લી-૧૦૮૯ અને બનાસકાંઠામાં ૯૧૪ સહિત કુલ-૧૦,૫૧૨ સંક્રમિત કેસ આરોગ્ય વિભાગના દફતરે નોંધાયા છે.


# બાયડ કોંગ્રેસના ધારાસભ્યને પૂર્વ ધારાસભ્યનો પત્ર, તમે કોવિડ-૧૯ માટે ૨૫ લાખની ગ્રાન્ટ ફાળવી નથી

## રાજકારણ વધુ ગરમાય તેવી સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

બાયડના કોંગ્રેસના ધારાસભ્ય જશુભાઈ પટેલે રાજ્ય સરકોર ફાળવેલ રૂા.૧.૫૦ કરોડની ગ્રાન્ટમાંથી ૨૫ લાખ રૂા.કોવિડ હોસ્પિટલ માટે કોઈ ફાળવણી કરી નથી તેવું મારા ધ્યાનમાં આવ્યું છે તેવો પત્ર લખી પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ ધારાસભ્ય સામે નિશાન તાક્યું છે. બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં કોરોનાના કારણે અનેક લોકો મરી રહ્યા છે, કેટલાય લોકો હોસ્પિટલમાં છે ત્યારે લોકસેવા કરવાના બદલે પરસ્પર આક્ષેપબાજીનો મતલબ શું..??

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્ય સરકાર દ્વારા કોરોના બેકાબુ બન્યા પછી ધારાસભ્યો કોવિડ-૧૯ માટે રૂા.૨૫ લાખની ગ્રાન્ટ ફાળવે તેવી જોગવાઈ કરી હતી પરંતુ બાયડના ધારાસભ્યએ આજદિન સુધી ગ્રાન્ટ ફાળવી નથી અને જો ગ્રાન્ટ ફાળવણી કરી હોય તો પ્રજા સમક્ષ વિગતો રજૂ કરો, આપ પ્રજાના મતથી ચૂંટાયા છો અને પ્રજાની ચિંતા કરતા હશો પરંતુ હજુ સુધી તમારી કોવિડ-૧૯ની ગ્રાન્ટમાંથી તમે કોઈપણ પ્રકારનો ખર્ચો પ્રજા કલ્યાણ માટે કર્યો નથી તેવું મારે દુઃખ સાથે કહેવું પડે છે. આપને મારી ભલામણ છે કે વાત્રક હોસ્પિટલ તેમજ માલપુર, આમોદરા, જીતપુર વગેરે આરોગ્ય કેન્દ્રની અંદર કોવિડ-૧૯ માટેની ગ્રાન્ટની તાત્કાલિક ફાળવણી કરવામાં આવે વધતા જતા કોરોનાના કેસના કારણે દર્દીઓને ખુબ જ તકલીફ પડે છે. ઓક્સિજન, વેન્ટીલેટર વગેરે જેવા સાધનોની અછતના કારણે ઘણા દર્દીઓને પોતાના જીવ ગુમાવવા પડે છે તો હું આપને આ ખુલ્લો પત્ર લખું છું અને આપની ગ્રાન્ટ પ્રજાલક્ષી સત્કાર્યમાં વાપરવા વિનંતી કરૂ છું.


ધવલસિંહ ઝાલા
મા. ધારાસભ્ય શ્રી
૩૨ બાયડ

જાવક નં. :
તા. : ૦૬-૦૫-૨૦૨૧

માનનીય,
જશુભાઇ પટેલ
ધારાસભ્ય, બાયડ.
ગુજરાત.

વિષય : રાજ્ય સરકારે ફાળવેલ દોઢ કરોડની ગ્રાન્ટમાંથી ૨૫ લાખ રૂપિયા કોવિડ-૧૯ હોસ્પિટલ ના સાધનો માટે ફાળવવા બાબત

વંદે માતરમ સાથે જણાવવાનું કે રાજ્ય સરકારે ગુજરાતના ધારાસભ્યોને ૨૫ લાખ રૂપિયાની ગ્રાન્ટની કોવિડ-૧૯ માટે દવાખાનાઓની સાધનસામગ્રી માટે ફાળવણી કરેલ છે તો એમાંથી હજુ સુધી આપશ્રી એ તે 25 લાખ રૂપિયાની કોઈ ફાળવણી કરી નથી તેવું મારા ધ્યાન પર આવ્યું છે.અને જો આપે આ રકમની કોઈ ફાળવણી કરી હોય તો પ્રજા સમક્ષ આપ તે વિગત રજૂ કરો. "આપશ્રી પ્રજાના મતથી ચૂંટાયા છો, અને પ્રજાની ચિંતા કરતા હશો" , પરંતુ હજુ સુધી તમારી કોવિડ-૧૯ ગ્રાન્ટમાંથી તમે કોઈ પણ પ્રકારનો ખર્ચો પ્રજાકલ્યાણ માટે કર્યો નથી તેવું મારે દુઃખ સાથે કહેવું પડે છે. આપને મારી ભલામણ છે કે, વાત્રક હોસ્પિટલ તેમજ માલપુર, આમોદરા, જીતપુર વગેરે આરોગ્યકેન્દ્ર ની અંદર કોવિડ-19 માટેની ગ્રાંટની તાત્કાલિક ફાળવણી કરવામાં આવે. વધતાં જતાં કોરોના કેસના કારણે ના દર્દીઓ ને ખુબજ તકલીફ પડે છે. ઓક્સિજન, વેન્ટિલેટર વગેરે જેવા સાધનો ની અછતના કારણે ઘણા દર્દીઓ ને પોતાનો જીવ ગુમાવવો પડે છે તો હું આપશ્રી ને આ ખુલ્લો પત્ર લખું છું અને પ્રજાવતી આપને આપની ગ્રાન્ટ આ પ્રજાલક્ષી સત્કાર્યમાં તાત્કાલિક વાપરવા માટે વિનંતી કરૂ છું.

ધવલસિંહ ઝાલા,
મા.ધારાસભ્યશ્રી, બાયડ.

MEMBER OF LEGISLATIVE ASSEMBLY BAYAD

રવાના :- 1)પ્રભારી મંત્રીશ્રી, 2) કલેક્ટરશ્રી, 3) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, 4) આયોજન અધિકારીશ્રી,

ઓફિસ : જનસેવા કેન્દ્ર, નંદ કોમ્પ્લેક્ષ, તા. બાયડ, જી. અરવલ્લી-૩૮૩૩૨૫. ગુજરાત
રહેઠાણ : જીતપુર વાંટા, ગાબટ, પો. બાદરપુરા, તા. બાયડ, જી. અરવલ્લી-૩૮૩૩૨૫. ગુજરાત
mladhavalsinh@gmail.com, www.dhavalsinhzala.com

### ગાંધીનગર સમાચાર ઈમ્પેક્ટ..

# શીણાવાડ આરોગ્ય કેન્દ્રનો આઈસોલેશન કેન્દ્ર તરીકે ઉપયોગ કરવાનો નિર્ણય

## ફર્નિચર અને બેડ પી.આઈ.યુ. દ્વારા સમયસર પૂરા પાડવામાં આવશે : જિલ્લા વિકાસ અધિકારી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

કોરોનાના દર્દીઓ માટે જગ્યા નથી અને કરોડોના ખર્ચે મોડાસા તાલુકાના શીણાવાડ આરોગ્ય કેન્દ્ર તૈયાર થતાં ઉદ્ઘાટનની રાહ જોઈને બેઠું છે તેવા એકમાત્ર અહેવાલ ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થતાં તંત્ર દ્વારા આરોગ્ય કેન્દ્રનો આઈસોલેશન કેન્દ્ર તરીકે ઉપયોગ કરવાનો નિર્ણય

### કોરોનાના દર્દીઓ માટે જગ્યા નથી

### કરોડોના ખર્ચે તૈયાર થયેલું શીણાવાડ આરોગ્ય કેન્દ્ર ઉદ્‌ઘાટનની રાહ જુએ છે




લેવાયો છે. ફર્નિચર અને બેડ પી.આઈ.યુ. દ્વારા પૂરા પાડવામાં આવશે તેમ જિલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયાએ જણાવ્યું છે.

કોરોનાના બેકાબુ બનેલા સંક્રમણથી સરકારી કોવિડ હોસ્પિટલ તેમજ ડેજીગ્નેટેડ ખાનગી કોવિડ હોસ્પિટલમાં અન્ય દર્દીઓને બેડ મળતા નથી. ગામડાઓને કોરોનામુક્ત બનાવવાના સરકારના અભિયાન હેઠળ જિલ્લામાં કુલ-૨૭૧૧ કોવિડ કેર આઈસોલેશન ઉભા કર્યામાં આવ્યા છે. મોડાસા તાલુકામાં પણ ૩૪૪ કોવિડ કેર ઉભા કરવામાં આવ્યા હતા પરંતુ આ માટે સ્થાનિક ગ્રામ્ય સ્તરે મકાનો, હોલ, શાળાઓ, હાઈસ્કુલોના રૂમોનો ઉપયોગ થયો હતો ત્યારે તાલુકાના શીણાવાડ ગામે કરોડોના ખર્ચે આરોગ્ય કેન્દ્ર તૈયાર કરવામાં આવ્યું છે. પરંતુ ઉદ્‌ઘાટનની રાહ જોતું હોવાથી તેનો કોઈ ઉપયોગ શરૂ કરાયો નથી..આ અંગેના અહેવાલ પ્રસિદ્ધ થતાં શીણાવાડ આરોગ્ય કેન્દ્રનો આઈસોલેશન કેન્દ્ર તરીકે ઉપયોગ કરવાનો નિર્ણય લઈ જરૂરી સુવિધા તાબડતોબ ઉભી કરવા માટે આરોગ્ય વિભાગ કામે લાગ્યાનું જાણવા મળ્યું છે. સ્થાનિક ગ્રામજનોએ ગાંધીનગર સમાચારના અહેવાલને વધાવ્યા હતા.

# ધનસુરામાં સ્વૈછિક લોકડાઉન યથાવત રહેશે, બે વાગ્યા બાદ બજાર બંધ રહેશે

## નવીન સુચના ન આવે ત્યાં સુધી બજાર સ્વૈછિક રીતે બંધ રહેશે : ધનસુરામાં સોમવારથી ગુરુવાર સુધી સંપૂર્ણ સ્વૈછિક લોકડાઉન રખાયું હતું જે પૂર્ણ થતા હવે

ધનસુરામાં સ્વૈછિક લૈકડાઉન શરુ રહેશે ૨ વાગ્યા બાદ



બજાર બંધ રહેશે. ૭-૫-૨૦૨૧ થી નવીન સુચના ન આવે ત્યાં સુધી બજાર સ્વૈછિક રીતે બંધ રહેશે કોરોનાનું સંક્રમણ વધે નહી એ માટે ધનસુરા માં કેટલાક દિવસોથી બજાર સ્વૈછિક બંધ છે જેમાં ચાર દિવસ સંપૂર્ણ લોકડાઉનના છેલ્લા દિવસે ધનસુરા માં બજારો સજ્જડ બંધ રહ્યા હતા કોરોનાને લઈને સોમવાર થી ગુરુવાર સુધી સ્વૈછિક લોકડાઉન રખાયું હતું ધનસુરા બજાર ૩ મે થી ૬ મે સુધી સંપૂર્ણ બંધ રહ્યું હતું અગાઉ ના ૩૦ તારીખ સુધીના લોકડાઉન ની મુદત પૂરી થતા ગ્રામ પંચાયત ખાતે ગ્રાપ પંચાયત સભ્યો અને વેપારીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી જેમાં નિર્ણય કરવામાં આવ્યો હતો કે ધનસુરા બજાર સોમવાર થી ગુરુવાર સુધી સંપૂર્ણ બંધ રહેશે હવે આગામી સૂચના ન આવે ત્યા સુધી બજાર ૨ વાગ્યા સુધી ખુલ્લા રહેશે.

દવાખાના અને મેડિકલ ખુલ્લા રહેશે ધનસુરા માં સ્વૈછિક લોકડાઉન માં વેપારીઓ એ બજારો સજ્જડ બંધ રાખ્યા હતા ચાર દિવસ ના સંપૂર્ણ લોકડાઉનના છેલ્લા દિવસે દુકાનો સજ્જડ બંધ રહી હતી લોકડાઉનને સારો પ્રતિસાદ મળતા સ્વયંભૂ લોકડાઉન વધારવામાં આવ્યું છે મેડિકલ અને દવાખાના સહિત જીવન જરૂરિયાત ની ચીજ વસ્તુઓ ની દુકાનો સિવાય તમામ દુકાનો બંધ રહેશે.

### ધનસુરા એપીએમસી ૧૨મી સુધી બંધ રહેશે

ધનસુરા એપીએમસી ૧૨/૦૫/૨૦૨૧ સુધી બંધ રહેશે જેથી માર્કેટયાર્ડ ધનસુરામાં કામ-કાજ કરતા તમામ વેપારીભાઈઓ તથા તેમજ હમાલ તોલાટભાઈઓ અને ખેત ઉત્પન્નનો માલ વેચવા આવતા ખેડૂતભાઈઓને એપીએમસીના સેક્રેટરી રવિન્દ્રભાઈ પટેલ એ જણાવ્યું હતું કે કોરોના સંક્રમણને અટકાવવા સરકારશ્રીના પરિપત્ર મુજબ બહાર પાડેલ માર્ગદર્શક સૂચનાઓ અન્વયે તારીખ ૧૨/૦૫/૨૦૨૧ ને બુધવાર સુધી માર્કેટયાર્ડ ધનસુરામાં હરાજીને લગતું કામકાજ સંપૂર્ણ બંધ રહેશે

# પશ્ચિમ બંગાળમાં તૃણમૂલના કાર્યકરોના અત્યાચારના વિરોધમાં ઈડર ભાજપ દ્વારા આવેદનપત્ર આપ્યું

ઈડર તા.૬

પચ્ચીમ બંગાળમાં તાજેતરમાં યોજાયેલ વિધાનસભાની યોજાયેલી ચૂંટણીમાં મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસની ભારે બહુમતી સાથે વિજયી થયો હતો.અને ચુંટણી ના પરિણામો પછી તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરો ધ્વરા ભાજપના કાર્યકરોની ઘાતકી હત્યો અને તેમના નિવાસસ્થાને તેમજ ધંધાના સ્થળોએ લૂંટફાટ અને આગ ચંપીના વધતા બનાવોને લઈને પ્રદેશ ભાજપની સૂચના અંતર્ગત આજે ઈડર ભાજપ ધ્વારા પૂર્વ ધારાસભ્ય રમણલાલ વોરાની ઉપસ્થિતિમાં પ્રાંત કચેરીએ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

તાજેતરમાં જ પચ્ચીમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણી દરમ્યાન તેમજ ચૂંટણીમાં પરિણામો પછી ઠેરઠેર ભાજપના કાર્યકરોની ઘાતકી હત્યાઓ, તેમજ ભાજપના કાર્યાલયોમાં આગ લગાડવી તેમજ ભાજપના કાર્યકર્તાના ઘરે તેમજ ધંધાકીય સ્થળો પર લૂંટ ચલાવી આગ લગાડવાના બનાવો બંધ ન થતા અને અનેક ભાજપના કાર્યકર્તાઓની હત્યાઓ થઈ હોવાના બનાવના પગલે સમગ્ર દેશમાં ભાજપના કાર્યકર્તાઓએ હત્યાને વખોડી પચ્ચીમ બંગાળમાં રાષ્ટ્રપતી શાસનની માંગ સાથે રાજ્યના તમામ જિલ્લાઓ અને તાલુકા સંગઠન ધ્વરા આવેદનપત્રના કાર્યક્રમ અંતર્ગત ઈડર તાલુકા ભાજપ ધ્વરા આજે પ્રાંત કચેરીમાં આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં ઈડર વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય



રમણલાલ વોરા, ઈડર ભાજપ આગેવાન અશ્વિનભાઈ પટેલ, તાલુકા સંગઠન પ્રમુખ પ્રેમલ દેસાઈ, મહામંત્રી રાજુભાઈ પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ વર્ષાબેન વણકર, ઉપપ્રમુખ કાંતિભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષ તાલુકા પંચાયતના દક્ષાબેન ચૌધરી, જિલ્લા ભાજપના ઉપપ્રમુખ પ્રજ્ઞાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કોરોનાની ગાઈડ લાઈન પ્રમાણે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# સાબરકાંઠા, અરવલ્લીમાં રેપિડ કિટની તંગીથી કોરોનાથી ભયભીત પ્રજામાં આક્રોશ

## માંડ જૂજ કિટ ફળવાય છે જેના કારણે વારંવાર હોબાળાની સ્થિતિ, જવાબદાર અધિકારીઓ મોબાઈલ ઉપાડતા નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૧૦ દિવસથી રેપિડ કિટની તંગીથી કોરોનાથી ભયભીત પ્રજામાં આક્રોશ ચરમસીમાએ છે. દરરોજ કે પછી આંતરે દિવસે તાલુકા હેલ્થ અધિકારીઓને જૂજ કિટ ફળવાય છે જેના કારણે રેફરલ હોસ્પિટલ, સામૂહીક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સબ સેન્ટર ઉપર વારંવાર હોબાળાની સ્થિતિ જોવા મળે છે. જવાબદાર અધિકારીઓ મોબાઈલ ઉપાડતા નથી અને તેમને મોટાભાગે રેમડેસિવિર ઈન્જેકશનના બટવારામાં જ રસ હોય તેવા ખુલ્લા લોક આક્ષેપ શરૂ થયા છે.

રેમડેસિવિર ઈન્જેક્શનની અછત વચ્ચે કાળા બજારીયાઓ જિલ્લામાં ગરજવાન દર્દીના સગાઓને રૂા.૨૫ થી ૩૦ હજારના ભાવે આજે પણ રેમડેસિવિર ઈન્જેક્શન ધાબળી રહ્યા છે. દરરોજ જે તે જિલ્લામાં રેમડેસિવિર ઈન્જેક્શનનો જથ્થો ફળવાય છે પરંતુ શરૂઆતમાં સરકારી કોવિડ હોસ્પિટલ અને ત્યારબાદ ખાનગી કોવિડ હોસ્પિટલમાં જથ્થો આપવાનો હોય છે પરંતુ અનેક ખાનગી કોવિડ સેન્ટર ધરાવતા હોસ્પિટલના સંચાલકોએ આક્રોશ ઠાલવ્યો કે અમને પૂરતા પ્રમાણમાં રેમડેસિવિર ઈન્જેક્શનનો જથ્થો મળતો નથી જેથી રેમડેસિવિરની જરૂરીયાતવાળુ દર્દી ગંભીર બની જાય ત્યારે સગાઓનો આક્રોશ સાંભળવો પડતો હોય છે. અમે સીસ્ટમના કારણે મજબૂર છીએ ત્યારે સવાલ એ થાય છે કે જિલ્લામાં ફળવાતાં રેમડેસિવિર ઈન્જેક્શન ખરેખર ક્યાં પગ કરી જાય છે..?? સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તંત્ર દ્વારા ખાનગી હોસ્પિટલોમાં દર્દી અને તેના સગાને પૂછીને રેમડેસિવિર ઈન્જેક્શન લેવું છે કે કેમ..?? અને હા કહે તો ઈન્જેક્શનની ફાળવણી થાય છે અને દર્દીને ઈન્જેક્શન આપ્યા પછી ખાલી વાયલ સીલ કરીને પરત લઈ જવાની સુવિધા ઉભી કરી હોવાથી રેમડેસિવિર ઈન્જેક્શનનું બારોબારીયું કરવું મુશ્કેલ બન્યું છે ત્યારે અરવલ્લી જિલ્લામાં તો આરોગ્ય વિભાગે લશ્કરે મોરચો કયાં સંભાળ્યો છે તેવી દીશાહીન કામગીરીથી દર્દીઓ અને તેના સગાઓ તો ઠીક પરંતુ હવે આરોગ્ય સ્ટાફમાં પણ જબ્બર રોષ પ્રવર્તિ રહ્યો છે અને હવે રેપિડ કિટ પણ જિલ્લાને પૂરતા પ્રમાણમાં ફળવાતી નથી જેથી બંન્ને જિલ્લાની નબળી નેતાગીરી સામે લોકોમાં જબ્બર આક્રોશ જોવા મળ્યો છે.

# મોડાસાની શ્રીનાથ કો.ઓપ. બેન્કના ચેરમેન સુરેન્દ્રભાઈ શાહનું કોરોનાથી મોત

સેમી વુહાન બનેલા મોડાસામાં કોરોનાએ કાળો કેર વર્તાવ્યો છે. ગુરૂવારે મોડાસાની શ્રીનાથ કો.ઓપ. બેન્કના ચેરમેન



ગણેશ મેડીસીન્સના ભાગીદાર અને શ્રી મ.લા.ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા શહેરના અગ્રણી સુરેન્દ્રભાઈ શાહનું કોરોનાથી મોત નિપજતાં સમસ્ત મોડાસા શહેર સહિત જિલ્લાના સહકારી આગેવાનો તેમજ દવા બજારમાં શોક છવાયો હતો તેમના નિધનથી મોડાસા શહેરને મોટી ખોટ પડશે તેમ સ્થાનિક અગ્રણીઓએ જણાવ્યું છે.

ચીવટ અને ચોક્સાઈ ભર્યા વહીવટ, કોઈનું કામ થઈ શકે તેમ હોય તો જ હા પાડવી..તેવો સ્વભાવ ધરાવતા મોડાસાની ગણેશ મેડીસીન્સના ભાગીદાર તેમજ મોડાસા કોલેજ કેમ્પસ સંલગ્ન શૈક્ષણિક સંકુલોમાં વર્ષોથી સંકળાયેલા અને શ્રીનાથ કો.ઓપ. બેન્કને જિલ્લામાં મોખરાનું સ્થાન અપાવવાની સાથે ચેરમેન તરીકે સેવાઓ આપી રહેલા સુરેન્દ્રભાઈ શાહ કોરોનાથી સંક્રમિત થતાં સારવાર શરૂ કરવામાં આવી હતી પરંતુ તેમની તબિયત વધુ બગડતાં સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. સુરેન્દ્રભાઈ શાહના અકાળે મોતથી શહેરના અગ્રણીઓ, કેમીસ્ટો, ડૉક્ટરો, સહકારી આગેવાનો અને કેળવણીકારોએ શોકની લાગણી વ્યક્ત કરી હતી.

# વિહોતર ફાઉન્ડેશનના પ્રમુખ ગોપાલભાઈ રબારીનું કોરોનાથી મોત



કોરોનાએ બાયડ, ધનસુરા અને મોડાસા તાલુકામાં સપાટો બોલાવી દીધો છે. એક પછી એક ડૉક્ટર, શિક્ષકો, નિવૃત્ત શિક્ષકો, ઉદ્યોગકારોને કોરોના ઓહીયા કરી ગયો છે અને હવે સમાજ સેવીઓને પણ કોરોનાએ કોળીયો કરવાનું શરૂ કર્યું છે. વિહોતર ફાઉન્ડેશન ધનસુરા તાલુકા પ્રમુખ ગોપાલભાઈ રબારીનું કોરોનાના કારણે મોત નિપજતાં રબારી સમાજ સહિત ફાઉન્ડેશનના હોદ્દેદારો અને રબારી સમાજ આઘાતમાં સરી પડ્યો છે. વિહોતર ફાઉન્ડેશન પ્રદેશ પ્રભારી ધનજી દેસાઈએ ગોપાલભાઈ રબારીના નિધન બદલ ઉંડો શોક વ્યક્ત કર્યો હતો. અકાળે વિદાયથી સમાજને અને સંગઠનને ક્યારેય ખોટ ન પુરાય તેવો ફટકો પડ્યો છે તેમ જણાવ્યું હતું.

# બાયડ નજીક છેલ્લા ૩ દિવસથી સળગેલી બાઈકે રહસ્ય સર્જ્યું

બાયડના ભૂખેલ રોડ ઉપર રોડ નજીક સળગેલી બાઈકે રહસ્ય સર્જ્યું છે. છેલ્લા ૩ દિવસથી સળગેલી બાઈકનું હાડપિંજર જોઈ લોકો અવનવા તર્ક કરી રહ્યા છે પરંતુ કોરોનાનો ચેપ લાગી જશે તેવી બીકથી પોલીસ સ્ટેશનની બહાર નહીં નિકળતા સ્ટાફ અને બાહોશ પોલીસને બનાવની ૭૨ કલાક પછી પણ જાણ ન હોવાની વિગતો સામે આવી છે. છેલ્લા ૩ દિવસથી બાયડના ભૂખેલ રોડ ઉપર સળગેલી હાલતમાં બાઈકના હાડપિંજર જોવા મળ્યા છે. કોઈ આકસ્મિક કારણથી બાઈક સળગ્યું અને ચાલકે ત્યાં તરછોડી દીધું કે પછી કોઈ ગુનાના કૃત્યને છૂપાવવા માટે આગ લગાડી દેવામાં આવી તેવા અનેક તર્ક થઈ રહ્યા છે.

# પશ્ચિમ બંગાળનું લોકશાહીનું ખૂન, અરવલ્લી ભાજપા દ્વારા કાર્યકર્તાઓની હત્યા-હિંસાના વિરોધમાં ધરણાં યોજાયાં

પશ્ચિમ બંગાળમાં તૃણમલ કોંગ્રેસ સત્તામાં આવતાં લોકશાહીનું ખૂન થઈ રહ્યું છે. ભાજપના કાર્યકર્તાઓની હત્યા અને ખુલ્લેઆમ ગુરૂવારે ધરણાંનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં કોવિડ-૧૯ની ગાઈડ લાઈનનો સંપૂર્ણ અમલ કરવામાં આવ્યો હતો. તાજેતરમાં પશ્ચિમ ભાજપના કાર્યકરોની કરપીણ હત્યા અને તેમના રહેણાણ અને ધંધાના સ્થળે ખુલ્લેઆમ લૂંટ ચલાવી, આગચંપી કરવામાં આવી હતી.




હિંસાના કારણે અરાજકતા ઉભી થઈ છે ત્યારે અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળ ભાજપ દ્વારા બંગાળ વિધાનસભાની ચૂંટણી યોજાઈ જેમાં તૃણમલ કોંગ્રેસનો વિજય થયો એ સાથે જ તૃણમલ કોંગ્રેસના કાર્યકરો દ્વારા લોકશાહીનું ખૂન કરાયું હોય તેમ દેશમાં ભાજપ દ્વારા વિરોધમાં ધરણાં યોજી પશ્ચિમબંગાળ સરકાર સામે યોગ્ય કાર્યવાહી કરવા કેન્દ્ર સરકારને રજૂઆત કરવામાં આવી રહી છે.

# ગુજરાત પ્રદેશ ભાજપ મહિલા મોરચાનું ગઢન, સાબરકાંઠા-અરવલ્લીને ડિંગો

ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષ તરીકે ડૉ. દિપીકાબેન સરડવાની નિયુક્તિ પછી પ્રદેશ ઉપાધ્યક્ષ, મહામંત્રી, મંત્રી અને કોષાધ્યક્ષ કાર્યાલય મંત્રીની નિયુક્તિ જાહેર કરવામાં આવી છે પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં મહિલા આગેવાનોનો સમાવેશ ન થતાં ફરી એકવાર સાબરકાંઠા, અરવલ્લીને ડિંગો બતાવાયો છે. જિલ્લામાં વર્ષોથી પ્રદેશ કક્ષાએ મહિલા મોરચામાં નવા ચહેરાઓને યોગ્ય સ્થાન મળતું નથી જેના કારણે પક્ષને મજબૂત કરવા માટે સતત કામ કરતી મહિલા અગ્રણીઓમાં નિરાશા જોવા મળતી હોય છે. પ્રદેશ અધ્યક્ષ તરીકે સી.આર.પાટીલની નિયુક્તિ પછી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં યોગ્ય નિર્ણયના કારણે અનેક નવા ચહેરાઓને સ્થાન મળ્યું અને ચૂંટણીમાં સારાં પરિણામ પણ જોવા મળ્યા. ગુજરાત પ્રદેશ ભાજપ મહિલા મોરચાના પદાધિકારીઓની ગમે ત્યારે નિયુક્તિ જાહેર થશે અને તેમાં સાબરકાંઠા, અરવલ્લીમાં વર્ષોથી પક્ષ માટે નિષ્ઠાપૂર્વક કામગીરી કરનારા મહિલા અગ્રણીઓને સ્થાન મળવાની સંભાવના હતી. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના એકપણ મહિલા અગ્રણીને પ્રદેશ મહિલા મોરચાના સંગઠનમાં સ્થાન નથી.

**શ્રીમંત ફતેહસિંહરાવ ગાયકવાડ જનરલ હોસ્પિટલ, વાત્રક**
**મુ.પો.વાત્રક, તા.બાયડ, જિ.અરવલ્લી, પીન-૩૮૩૩૨૬**
**ફોન નં.૦૨૭૭૯-૨૨૨૦૧૮, ૨૨૨૦૦૧**

**જાહેર વિજ્ઞપ્તિ**

આથી હોસ્પિટલના નીતિનિયમો પ્રમાણે હોસ્પિટલમાં સારવાર લીધેલ અંદરના દર્દીઓના ૧૦ વર્ષથી જૂના કેસ પેપરનો દર વર્ષે નાશ કરવામાં આવે છે જેથી તા.૩૧-૩-૨૦૧૧ પહેલાંના હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દીઓના સાદા કેસ અને MLC (પોલીસ કેસ)ના દર્દીઓના કેસોનો નાશ કરવાનો છે તો જે કોઈ દર્દીને આ સમય દરમ્યાનના કેસની વિગતની જરૂર હોય તો આ જાહેરાતથી દિન-૧૫માં લેખિતમાં કેસ નંબર/તારીખ વિગેરે જણાવી રૂા.૧૦૦ ફી ભરી કેસની વિગત મેળવી લેવી ત્યાર પછી કેસની વિગત મળી શકશે નહીં જેની નોંધ લેવી.

લી.
**શ્રી કે. કે. શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ, વાત્રક**